# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

## “Celebration of Constitution Day on 26th November”ના અનુસંધાને ‘સંવિધાન આમુખ’નું મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ તેમજ વિવિધ શાખાના અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા વાંચન

તારીખ: ૨૬-૧૧-૨૦૨૦




"Celebration of Constitution Day on 26th November" ના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા ખાતે આજે તા. ૨૬ નવેમ્બરના રોજ સવારે ૧૧:૦૦ કલાકે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ તેમજ મહાનગરપાલિકાના વિવિધ શાખાના અધિકારીઓ / કર્મચારીઓએ 'સંવિધાન આમુખ' નું વાંચન કર્યું હતું.

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ........................... ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ....................................... સ્વતંત્રતા

દરજ્જા અને તકની ......................................... સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો,

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ..................... બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાન સભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

(જન સંપર્ક અધિકારી)